www.kamalamgujarat.com

Saturday
14.11.2020

✳Volume :5 ✳ Issue No. 90

Email.: kamalamgujarat@gmail.com

✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

### પ્રધાનમંત્રીએ આયુર્વેદ દિવસ નિમિત્તે ભવિષ્ય માટે તૈયાર એવી બે સંસ્થાઓ રાષ્ટ્રને સમર્પિત કરી

# આયુર્વેદ માત્ર એક વિકલ્પ નથી પરંતુ દેશના આરોગ્યનો આધાર છે: પ્રધાનમંત્રી

### ભારતને પરંપરાગત ચિકિત્સાના વૈશ્વિક કેન્દ્ર તરીકે પસંદ કરવા બદલ WHO નો આભાર વ્યક્ત કર્યો




### આંતરરાષ્ટ્રીય માપદંડો પૂરા કરે તેવા આયુર્વેદ અભ્યાસનો અમલ કરવાનું આહ્વાન કર્યું

### કોરોના સમયગાળાએ આયુર્વેદના ઉત્પાદનોના ઉપયોગ અને સંશોધનને આગળ ધપાવ્યું છે

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ૫મા આયુર્વેદ દિવસ નિમિત્તે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી દેશને ભવિષ્ય માટે તૈયાર એવી બે આયુર્વેદ સંસ્થાઓ સમર્પિત કરી હતી. આ સંસ્થાઓ, જામનગરની આયુર્વેદ અભ્યાસ અને સંશોધન સંસ્થા (ITRA) અને જયપુરની રાષ્ટ્રીય આયુર્વેદ સંસ્થા (NIA) છે. આ બંને સંસ્થાઓ દેશમાં આયુર્વેદ ક્ષેત્રની અગ્રણી સંસ્થાઓ છે. જામનગર સ્થિત સંસ્થાને સંસદીય અધિનિયમ અનુસાર રાષ્ટ્રીય મહત્વની સંસ્થા (INI) તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે અને જયપુર સ્થિત સંસ્થાને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા યુનિવર્સિટી દ્વારા માન્ય સંસ્થા તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે. આયુષ મંત્રાલય દ્વારા ૨૦૧૬થી દર વર્ષે ધનવંતરી જયંતિ (ધનતેરસ)ને 'આયુર્વેદ દિવસહ્ર તરીકે ઉજવવામાં આવે છે. કેન્દ્રીય રાજ્યમંત્રી (સ્વતંત્ર પ્રભાર) શ્રી શ્રીપદ નાઈક, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી, રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી અશોક ગેહલોત, રાજસ્થાનના રાજ્યપાલ શ્રી કલરાજ મિશ્રા, ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા. વિશ્વ આરોગ્ય સંગઠનના મહાનિદેશક ડૉ. ટેડ્રોસ અધનોમ ઘેબ્રેયેસસે આ પ્રસંગે વીડિયો સંદેશો આપ્યો હતો અને આયુષમાન ભારત અંતર્ગત સાર્વત્રિક કરવેજ તેમજ આરોગ્ય સંબંધિત હેતુઓ પ્રાપ્ત કરવા માટે પરંપરાગત ચિકિત્સાના પૂરાવા આધારિત પ્રોત્સાહન માટેની પ્રધાનમંત્રીની કટિબદ્ધતાને બિરદાવી હતી. પરંપરાગત ચિકિત્સા ક્ષેત્રે ભારતને વૈશ્વિક કેન્દ્ર તરીકે પસંદ કરવા બદલ પ્રધાનમંત્રીએ WHO તેમજ મહાનિદેશકનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આયુર્વેદ એ ભારતીય ધરોહર છે અને ભારતનું પરંપરાગત જ્ઞાન અન્ય દેશોમાં પણ સમૃદ્ધ થઈ રહ્યું છે તે ખરેખર ખુશીની વાત છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આયુર્વેદના જ્ઞાનને પુસ્તકો, ગ્રંથો અને ઘરગથ્થુ ઉપચારોમાંથી બહાર લાવવાની અને આ આધુનિક જરૂરિયાતો અનુસાર પ્રાચીન જ્ઞાનનો વિકાસ કરવાની જરૂર છે. તેમણે ટિપ્પણી કરી હતી કે ૨૧મી સદીના આધુનિક વિજ્ઞાનમાંથી પ્રાપ્ત કરવામાં આવેલી માહિતીને આપણા પ્રાચીન ચિકિત્સા જ્ઞાન સાથે સંમિલિત કરીને દેશમાં નવું સંશોધન કરવામાં આવી રહ્યું છે. ત્રણ વર્ષ પહેલાં, અહીં અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં, આયુર્વેદ માત્ર એક વૈકલ્પિક ચિકિત્સા નથી પરંતુ દેશની આરોગ્ય નીતિના મુખ્ય પાયાઓમાંથી એક છે. શ્રી મોદીએ માહિતી આપી હતી કે, લેહમાં સોવા-રિગ્પા સંબંધિત સંશોધન અને અન્ય અભ્યાસ માટે રાષ્ટ્રીય સોવા-રિગ્પા સંસ્થાનો વિકાસ કરવાની દિશામાં કામ ચાલી રહ્યું છે. આજે, ગુજરાત અને રાજસ્થાનમાં આવેલી બે સંસ્થાઓ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી રહી છે જેને અપગ્રેડ કરવામાં આવી છે અને આ વિકાસમાં વધુ વિસ્તરણ પણ સામેલ છે.

આ બંને સંસ્થાઓને અપગ્રેડ કરવા બદલ તેમને અભિનંદન પાઠવતા પ્રધાનમંત્રીએ ટાંક્યું હતું કે, હવે તેમના પર વધુ જવાબદારીઓ આવી ગઈ છે અને આશા છે કે, તેઓ એવા પ્રકારનો આયુર્વેદ અભ્યાસક્રમ તૈયાર કરશે જે આંતરરાષ્ટ્રીય ધોરણોને સંતોષતા હોય. તેમણે શિક્ષણ મંત્રાલય અને UGCને આયુર્વેદ ભૌતિકશાસ્ત્ર અને આયુર્વેદ રસાયણશાસ્ત્ર જેવી નવી અભ્યાસ પ્રશાખાઓ શરૂ કરવા માટેની સંભાવનાઓ ચકાસવા માટે પણ આહ્વાન કર્યું હતું. તેમણે સ્ટાર્ટઅપ્સ અને ખાનગી ક્ષેત્રોને વૈશ્વિક વલણો અને માંગનો અભ્યાસ કરવા માટે પણ આહ્વાન કર્યું હતું જેથી આ ક્ષેત્રમાં તેમની સહભાગીતા પણ સુનિશ્ચિત થઈ શકે. સંસદના આ સત્ર દરમિયાન ભારતીય ચિકિત્સા પ્રણાલી રાષ્ટ્રીય પંચ અને રાષ્ટ્રીય હોમિયોપેથી પંચની પણ સ્થાપના કરવામાં આવી હતી અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ એકીકૃત અભિગમને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ નીતિની મૂળભૂત કલ્પના એવી છે કે, આયુર્વેદિક શિક્ષણમાં એલોપેથિક પ્રવૃત્તિઓનું જ્ઞાન ફરજિયાત હોવું જોઈએ. પ્રધાનમંત્રી એ બાબતનો ઉલ્લેખ કર્યો હતો કે, કોરોનાના સમય દરમિયાન આખી દુનિયામાં આયુર્વેદિક ઉત્પાદનોમાં ઝડપી વૃદ્ધિ જોવા મળી છે. તેમણે કહ્યું હતું કે, અગાઉના વર્ષની સરખામણીએ આ વર્ષે સપ્ટેમ્બર મહિનામાં દેશમાંથી આયુર્વેદિક ઉત્પાદનોની નિકાસમાં ૪૫%નો વધારો નોંધાયો છે. તેમણે ઉમેર્યું હતું કે, રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરતી હળદર, આદુ જેવા તેજાનાની નિકાસમાં થયેલી વૃદ્ધિ સમગ્ર દુનિયામાં આયુર્વેદિક ઉકેલોમાં તેમજ ભારતીય તેજાનાઓમાં લોકોના વિશ્વાસને ઝડપથી વેગ મળી રહ્યો હોવાનું દર્શાવે છે. તેમણે કહ્યું હતું કે, હવે સંખ્યાબંધ દેશોમાં હળદર સંબંધિત વિશેષ પીણાંની માંગમાં પણ વધારો થઈ રહ્યો છે અને વિશ્વની પ્રતિષ્ઠિત તબીબી જર્નલોને પણ આયુર્વેદમાં નવી આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, કોરોનાના સમયગાળા દરમિયાન ફક્ત આયુર્વેદના ઉપયોગ પૂરતું જ ધ્યાન કેન્દ્રિત કરવામાં નથી આવ્યું પરંતુ દેશ અને દુનિયામાં આયુષ સંબંધિત અદ્યતન સંશોધનમાં તેના ઉપયોગ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આજે એક તરફ, ભારતમાં રસીનું પરીક્ષણ ચાલી રહ્યું છે તો બીજી તરફ કોવિડ સામે લડવા માટે આયુર્વેદ ક્ષેત્રમાં સંશોધન માટે આંતરરાષ્ટ્રીય સહકારમાં પણ વધારો થઈ રહ્યો છે. તેમણે ટાંક્યું હતું કે, હાલમાં, દિલ્હી ખાતે આવેલ અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થા કે જેમણે દિલ્હી પોલીસના ૮૦ હજારથી વધુ કર્મચારીઓમાં રોગ પ્રતિકારક શક્તિ સંબંધિત સંશોધન હાથ ધર્યું હતું તે સહિત ૧૦૦થી વધારે સ્થળોએ સંશોધન કાર્ય ચાલી રહ્યું છે. આ કદાચ વિશ્વનો સૌથી મોટો સામૂહિક અભ્યાસ છે અને તેના પરિણામો ઘણા પ્રોત્સાહક છે. તેમણે ઉમેર્યું હતું કે, આવનારા દિવસોમાં અન્ય કેટલાક આંતરરાષ્ટ્રીય પરીક્ષણો પણ શરૂ કરવામાં આવશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આજે આયુર્વેદિક ચિકિત્સા, ઔષધો તેમજ રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરતા પોષણયુક્ત ખોરાક પર વિશેષ ભાર આપવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે, આજે, હિમાલય પ્રદેશોમાં ગંગા નદીના કાંઠા વિસ્તારોમાં ખેડૂતોને બરછટ ધાન્ય તેમજ ઓર્ગેનિક ઉત્પાદનોનો ઉછેર કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, વૈશ્વિક સુખાકારીમાં વધુને વધુ યોગદાન આપવા માટે ભારતના વ્યાપક આયોજન પર હાલમાં આયુષ મંત્રાલય કામ કરી રહ્યું છે, આપણી નિકાસમાં પણ વૃદ્ધિ થવી જોઈએ અને આપણા ખેડૂતોની આવકમાં પણ વધારો થવો જોઈએ. તેમણે ખાસ ઉલ્લેખ કર્યો હતો કે, કોવિડ મહામારી શરૂ થઈ તે પછી, અશ્વગંધા, ગીલોય, તુલસી વગેરે આયુર્વેદિક ઔષધીઓની કિંમતમાં ઘણો વધારો નોંધાયો છે. ગત વર્ષની સરખામણીએ અશ્વગંધાની કિંમત લગભગ બમણી થઈ ગઈ છે અને તેનો સીધો લાભ આવી ઔષધીઓ ઉછેરતા આપણાં ખેડૂતોને મળી રહ્યો છે. પ્રધાનમંત્રીએ કૃષિ મંત્રાલય, આયુષ મંત્રાલય અથવા અન્ય વિભાગોને સાથે મળીને ભારતમાં ઉપલબ્ધ સંખ્યાબંધ ઔષધીઓની ઉપયોગીતા વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આયુર્વેદ સંબંધિત સંપૂર્ણ ઈકોસિસ્ટમથી દેશમાં આરોગ્ય અને સુખાકારી સંબંધિત પર્યટનને પણ પ્રોત્સાહન મળશે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, જામનગર અને જયપુરમાં આવેલી આ બે સંસ્થાઓ રાષ્ટ્રને સમર્પિત કરવાથી આ દિશામાં તે ખૂબ જ લાભદાયી પુરવાર થશે.

**ITRA, જામનગર:** તાજેતરમાં સંસદીય અધિનિયમ દ્વારા બનાવવામાં આવેલ, આયુર્વેદ અભ્યાસ અને સંશોધન સંસ્થા (ITRA), વિશ્વસ્તરીય આરોગ્ય સંભાળ સંસ્થા તરીકે ઉભરી આવશે. ITRAમાં ૧૨ વિભાગો, ત્રણ ક્લિનિકલ લેબોરેટરી અને ત્રણ સંશોધન લેબોરેટરી છે. તે પરંપરાગત ચિકિત્સામાં અગ્રેસર છે અને વર્તમાન સમયમાં અહીં ૩૩ સંશોધન પ્રોજેક્ટ્સ પર કામ કરવામાં આવી રહ્યું છે. ITRAની રચના જામનગર ખાતે આવેલા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી પરિસંકુલમાં ચાર આયુર્વેદ સંસ્થાઓના એકત્રીકરણથી કરવામાં આવી છે. આયુર્વેદ ક્ષેત્રની આ પ્રથમ એવી સંસ્થા છે જેને રાષ્ટ્રીય મહત્વની સંસ્થા (INI) તરીકેનો દરજ્જો પ્રાપ્ત થયેલો છે. તેના સુધારેલા દરજ્જા સાથે, ITRA પાસે આયુર્વેદ શિક્ષણના માપદંડોમાં સુધારો કરવા માટે સ્વાયત્તતા રહેશે કારણ કે આ સંસ્થામાં આધુનિક, આંતરરાષ્ટ્રીય માપદંડો અનુસાર અભ્યાસક્રમો પૂરા પાડવામાં આવશે. વધુમાં, આ સંસ્થા આયુર્વેદને સમકાલીન વેગ આપવા માટે આંતરશાખીય સહયોગને પણ આગળ ધપાવશે.

**NIA, જયપુર:** સમગ્ર દેશમાં ખૂબ જ પ્રતિષ્ઠા ધરાવતી સંસ્થા NIAને યુનિવર્સિટી દ્વારા માન્ય (ડે નોવો શ્રેણી) દરજ્જો પ્રાપ્ત થયો છે. ૧૭૫ વર્ષનો સમૃદ્ધ વારસો ધરાવતી NIA દ્વારા છેલ્લા કેટલાક દાયકાઓમાં અદ્યતન પ્રમાણભૂત આયુર્વેદને સાચવવામાં અને તેને પ્રોત્સાહન આપવામાં નોંધપાત્ર યોગદાન આપવામાં આવ્યું છે. વર્તમાન સમયમાં NIAમાં ૧૪ અલગ-અલગ વિભાગો છે. આ સંસ્થામાં વિદ્યાર્થીઓ અને શિક્ષણોનો ગુણોત્તર ઘણો સારો છે અને વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન કુલ ૯૫૫ વિદ્યાર્થીઓ તેમજ ૭૫ ફેકલ્ટી અહીં ઉમેરાયા હતા. આ સંસ્થા આયુર્વેદ ક્ષેત્રમાં સંખ્યાબંધ અભ્યાસક્રમો ચલાવે છે જેમાં પ્રમાણપત્ર સ્તરથી માંડીને ડૉક્ટરેટ સ્તર સુધીના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ એવી લેબોરેટરી સુવિધાઓ સાથે સંશોધન પ્રવૃત્તિઓમાં પણ હૈંઇ અગ્રેસર છે. વર્તમાન સમયમાં, આ સંસ્થામાં અલગ અલગ ૫૪ સંશોધન પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. યુનિવર્સિટી દ્વારા માન્ય (ડે નોવો શ્રેણી) દરજ્જા સાથે આ રાષ્ટ્રીય સંસ્થા આરોગ્ય સંભાળ, શિક્ષણ અને સંશોધનના માર્ગે સર્વોચ્ચ ધોરણો પ્રાપ્ત કરીને નવા શિખરો સર કરવા માટે સજ્જ થઈ છે.

# મહેમાનોને હળદરનું દૂધ યા કાવો પીવડાવી સ્વાગત કરવા રાજકોટ મ્યુ. કમિશ્નરની અપીલ

કમલમ દૈનિક, રાજકોટ

નવા વર્ષની ઉજવણીમાં કોરોના સંક્રમણ વધી ન જાય તે માટે રાજકોટ મ્યુનિ. કમિશનર ઉદિત અગ્રવાલે લોકોને સાવચેત રહેવા અને જરૂરી કાળજી રાખવા અનુરોધ કર્યો છે. સાથે જ ઘરે આવતા મહેમાનોને હળદરનું દૂધ અથવા તો કાવો પીવડાવી સ્વાગત કરવા અપીલ કરી છે.

રાજકોટમાં કોરોનાના કેસમાં ફરી વધારો થયો છે ત્યારે રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નરે શહેરીજનોને તહેવારમાં નૈતિક અને સામાજિક જવાબદારી નિભાવવા અપીલ કરી છે. કોરોનાનું સંક્રમણ ન વધે તે માટે ભીડ વાળી જગ્યાઓમાં ન જવા તેમજ તહેવાર દરમિયાન સમજદારી, સાવચેતી અને સલાહ (ગાઈડલાઈન) ચૂકી જઈશું તો સંક્રમણના ગંભીર પરિણામોનું નિર્માણ થઈ શકે છે. દરેક લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્ક, સેનિટાઈઝરને ફરજિયાત અને ચુસ્ત પણે અપનાવવું. વધુમાં કહ્યું હતું કે, આપણી સામાજિક પરંપરા મુજબ નવા વર્ષની શુભેચ્છા અને આશીર્વાદ માટે શહેરીજનો કુટુંબ સાથે એક બીજા સગાસંબંધીના ઘરે તહેવારમાં જાય છે. જેમાં સમૂહમાં લોકો મળે છે, હાથ મિલાવવા, ચરણસ્પર્શ કે ભેટવાથી સામાજિક અંતર જળવાતું નથી. વધારેમાં વધારે જુદી જુદી જગ્યાએ સ્પર્શ કરવાથી કોરોના સંક્રમણ પ્રસરણ વધવાની દહેશત રહે છે. સાથે આ સમય દરમિયાન એક કુટુંબમાંથી બીજા કુટુંબીજનો તેમજ એકબીજા સગા સંબંધીઓના ઘરે જવાના રિવાજમાં, નાસ્તો, પીણા મુખવાસનો ઉપયોગ કરવાથી સંક્રમણ ફેલાવવાની શક્યતા વધે છે. જેથી ઘરે આવતા મહેમાનોને હળદરનું દૂધ અથવા કાવો આપી સ્વાગત કરવા અપીલ કરી છે. એકબીજાના ઘરે જાય ત્યારે શું તકેદારી રાખવી?

- નાની વયના બાળકો, સગર્ભા, વૃદ્ધો, લાંબી બીમારીવાળા લોકોએ એકબીજાની ઘરે જવાનું ટાળવું.
- હોમ આઈસોલેશન કે હોમ ક્વોરન્ટાઈન થયેલી વ્યક્તિઓએ બીજાના ઘરે જવું નહીં તથા કોઈને પોતાની ઘરે આવવા ન દેવા.
- સગાસંબંધીને મળવા જઈએ ત્યારે માસ્કનો ઉપયાગ કરવો.
- કુટુંબીજનો કે વડીલોને મળીએ ત્યારે હાથ મિલાવવાનું, ચરણસ્પર્શ કે ભેટવાનું ટાળવું, દૂરથી જ નમસ્કાર કરવા.
- દરેક લોકોએ ઘરમાં સેનિટાઈઝરનો ઉપયોગ દરેક મહેમાનોને અચૂક કરાવવો.
- કુટુંબીજનોને શુભેચ્છા ભેટ તરીકે માસ્ક, સેનિટાઈઝર કે પલ્સ ઓક્સિમીટર આપવા.
- મુખવાસ, નાસ્તો, ઠંડાપીણાં
- મુખવાસમાં તજ, લવિંગ, એલચી આપવા.
- કાજુ, બદામ, પિસ્તા, અખરોટ જેવા ડ્રાયફ્રૂટ, આમળા, ખજૂર, ખારેક, આદુ (સૂંઠ)
- ઠંડાપીણા આપવાની પ્રથામાં ફેરફાર કરી હળદરવાળુ કે મસાલાવાળુ ગરમ દૂધ આપવું.
- ગ્રીન ટી, મસાલા ચા કે કોફી, લીંબુ મધ, ઉકાળા, તાજું મોસંબી, સંતરાનું જ્યૂસ આપવું.
- નાસ્તામાં ગરમાગરમ ઢોકળા, ઉપમા, ઈડલી, ફણગાવેલા કઠોળ, ફળ આપવા.



- કોરોનાનું સંક્રમણ અટકાવવા લોકોએ જ જાગૃત થવું પડશે અને મ્યુ. કમિશ્નરની આ પહેલા ને દિવાળી અને નવા વર્ષે અમલ કરી કોરોનાનું સંક્રમણ અટકાવવું જોઈએ.

# કુદરતી આફતોથી પ્રભાવિત છ રાજ્યોને આર્થિક સહાયનું એલાન

કમલમ દૈનિક, ન્યુ દિલ્હી

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય સમિતિએ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ-એનડીઆરએફ હેઠળ છ રાજ્યોને ૪,૩૮૧.૮૮ કરોડ રુપિયાની આર્થિક સહાય આપવા અંગે મંજૂરી આપી દીધી હતી. આ રાજ્યોમાં સામેલ અને ચક્રવાતી તોફાન એમ્ફાનથી પ્રભાવિત પશ્ચિમ બંગાળને ૨,૭૦૭.૭૭ કરોડ રુપિયાનું આર્થિક સહાય ફંડ, ઓડિશાને ૧૨૮.૨૩ કરોડ રુપિયાનું સહાય ફંડ આપવામાં આવશે. તોફાન નિસર્ગથી પ્રભાવિત થયેલા મહારાષ્ટ્રને ૨૬૮.૫૯ કરોડ રુપિયાનું આર્થિક સહાય ફંડ આપવામાં આવશે.

દક્ષિણ-પશ્ચિમ મોનસૂન દરમિયાન પૂર અને ભૂસ્ખલનનો સામનો કરનારા કર્ણાટકને ૫૭૭.૮૪ કરોડ રુપિયાનું ફંડ, મધ્ય પ્રદેશને ૬૧૧.૬૧ કરોડ રુપિયાનું ફંડ અને સિક્કિમને ૮૭.૮૪ કરોડ રુપિયાના ફંડની આર્થિક સહાય કરવામાં આવશે.

આ વર્ષે આ રાજ્યોમાં ચક્રવાતી તોફાનો સાથે પૂર અને ભૂસ્ખલનનો પ્રકોપ રહ્યો હતો. ચક્રવાતી તોફાન એમ્ફાનની તબાહી પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળ અને ઓડિશાની મૂલાકાત લેતાં બંગાળને ૧૦૦૦ કરોડની આર્થિક સહાય અને ઓડિશાને ૫૦૦ કરોડ રુપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી હતી. ૨૩મે આ આર્થિક સહાય ફંડ રાજ્યોને પહોંચાડવામાં આવ્યું હતું. આ સિવાય કુદરતી આફતોમાં જીવ ગુમાવેલા મૃતકોના પરિવારને બે



લાખની મદદ અને ઈડાગ્રસ્તોને ૫૦ હજાર રુપિયાની આર્થિક મદદનું એલાન પણ કર્યું હતું.

કુદરતી આફતો પછી રાહત માટે તમામ ૬ રાજ્યોમાં કેન્દ્ર સરકારે ઈન્ટર મિનિસ્ટ્રિયલ સેન્ટ્રલ ટીમની રચના કરવામાં આવી હતી.

# સાળંગપુર હનુમાનજીને ૬.૫ કરોડ રૂપિયાના સુવર્ણ-હીરા જડિત વસ્ત્રો થશે અર્પણ

કમલમ દૈનિક, બોટાદ

દિવાળી પર્વને લઈ સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે કાળી ચૌદસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. હનુમાન દાદાને ૮ કિલો સોનામાંથી બનેલા સુવર્ણ વસ્ત્રો દાદાને અર્પણ કરવામાં આવશે. યજ્ઞ સહિત દાદાને અન્નકોટ સહિતના અલગ અલગ કાર્યક્રમો યોજાશે. આ વર્ષે કાળી ચૌદસના દિવસે બપોર બાદ દિવાળીનો દિવસ શરૂ થતો હોય ચોપડા પૂજન, લક્ષ્મી પૂજન,દીપોત્સવ સંધ્યા આરતી અને રાત્રે આતશબાજીનું આયોજન કરવામાં આવશે. આ વર્ષે સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે કાળી ચૌદસ ખૂબ મહત્વની માનવામાં આવે છે. કારણ કે આ વર્ષે ભક્તો દ્વારા હનુમાનજી દાદા ને ૬.૫ કરોડ ના ખર્ચે બનાવવામાં આવેલ હીરા જડિત સુવર્ણ વસ્ત્રો અર્પણ કરવામાં આવશે.અને અદાજે ૮ કિલો સોનામાંથી આ વસ્ત્રો બનાવામાં આવ્યા છે.

સુવર્ણ વાઘાની પ્રથમ ડીઝાઈન કરવા માટે સ્પેશલ ડીઝાઈનરોની ટીમ અપોઈન્ટ કરવામાં આવી હતી. ઘણી બધી ડીઝાઈન બનાવી-તપાસી-સમયાંતરે સંતોના માર્ગદર્શનથી ફાઈનલ ડીઝાઈન તૈયાર કરવામાં આવી હતી. બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં આવેલ સાળંગપુર ગામ અને સાળંગપુર માં આવેલ વિશ્વ વિખ્યાત હનુમાનજી દાદા નું આ કષ્ટભજન મંદિર કે જ્યાં હજારો, લાખો ની સંખ્યામાં અહીં દાદા ના દર્શન કરવા ભક્તો આવતા હોય છે. શ્રધ્ધા નું બીજું નામ એટલે સાળંગપુર ધામ. એવા સાળંગપુર ધામના હનુમાનજી દાદાની રાત્રી એટલે કાળી ચૌદસ આ દિવસનું અહીં ખૂબ મોટું મહત્વ હોય છે. કાળી ચૌદસનાં દિવસે સવારે મંગળા આરતી, સમૂહયજ્ઞ, અભિષેક આરતી,નું ભવ્ય આયોજન કરવામાં આવે છે.

સુવર્ણ વાઘામાં ૮ હ્રદ્ર જેટલું સુવર્ણ ઉપયોગમાં લેવામાં આવ્યું છે. લગભગ આ વાઘાને સંપૂર્ણ રીતે તૈયાર થતા ૧ વર્ષ જેટલો સમય લાગ્યો છે. સુવર્ણ વાઘાને તૈયાર કરવામાં ૨૨ જેટલા મુખ્ય ડીઝાઈનર આર્ટીસ્ટ સાથે મળી ૧૦૦ જેટલા સોનીઓએ કામ કર્યું છે. અને તૈયાર થવામાં આશરે ૧૦૫૦ કલાક જેટલો સમય લાગ્યો છે.

સુવર્ણ વાઘા એ અર્વાચીન,પ્રાચીન સુવર્ણ કળાનું કોમ્બીનેશન છે. રીયલ ડાયમંડ,એમરલ્ડ સ્ટોન અને રિયલ રુબી જડેલું છે. જેમાં ડીડબલ્યુઓઆરકે- બિકાનેરી મીણો-પેન્ટીંગ મીણો- ફિલીગ્રી વર્ક - સોરોસ્કી જડેલું છે. આ ઉપરાંત વાઘામાં એન્ટીક વર્ક - રિયલ મોતી જડવામાં આવ્યા છે. આ વાઘા સ્વામિનારાયણ જ્વેલર નામક પ્રસિધ્ધ કંપની પાસે બનાવવામાંઆવ્યા છે.

## તંત્રી સ્થાનેથી......

આયુષ મંત્રાલય ભારત સરકાર તથા આયુષ કચેરી ગાંધીનગરના માર્ગદર્શન અનુસાર આજે તા. ૧૩ નવેમ્બર-૨૦૨૦ના રોજ પાંચમાં રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ઉજવણી "AYURVEDA FOR COVID-19 PANDEMNIC" ની થીમ પર કરવામાં આવનાર છે. જેમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, છાપી, હડાદ, ચિત્રાસણી, રાણપુર અને ગઢ ખાતે નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કોરોના સંક્રમણ સામે રક્ષણ મેળવવા બનાસકાંઠા જિલ્લા પંચાયત હસ્તકની આયુર્વેદ શાખા દ્વારા કોરોનાના સમયમાં આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિની રક્ષણાત્મક/ઉપચારાત્મક કામગીરી કરવામાં આવે છે. જેમાં માર્ચ-૨૦૨૦ થી ઓક્ટોમ્બર-૨૦૨૦ના સમયગાળા દરમ્યાન આયુર્વેદિક ઉકાળાનો લાભ ૯,૭૧,૮૧૮ લોકોએ લીધો છે. સંશમની વટી લાભ- ૩૭,૭૨૫, હોમિયોપેથીક દવા આર્સેનિક આલ્બમ- ૬૬,૮૩,૩૦૩, કોરાના હોસ્પિટલાઈઝ (એસેપ્ટોમેટીક/માઈલ્ડ સેપ્ટોમેટીક) દર્દીને લાભ– ૧૮૭ આયુર્વેદિક દવાઓ અને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે.તેમ બનાસકાંઠા જિલ્લાના આયુર્વેદ અધિકારીશ્રીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# જન સંખ્યા સમાધાન ફાઉંડેશન ગુજરાત પ્રદેશ કાર્યક્રમ માં મેયર શ્રીમતી રીટા બેન પટેલ ના હસ્તે જન સંખ્યા વિષય પુસ્તક નું થયું વિમોચન

કમલમ દૈનિક,

ભારત માતા મંદિર સેક્ટર ૭ ખાતે જન સંખ્યા સમાધાન ફાઉડેશન નવી દિલ્હી ના ઉપ ક્રમે ગાંધીનગર પ્રદેશ અધ્યક્ષ શ્રી વિનોદ ભાઈ ઉદેચા દ્વારા જન સંખ્યા નિયંત્રણ માટે કાર્ય ક્રમ નું આયોજન તારીખ ૧૩ નવેમ્બર બપોરે ૧૨ વાગ્યે કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમ માં ગાંધી નગર મહાનગર ના મેયર શ્રીમતી રીટા બેન પટેલ ના હસ્તે તથા મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ અને અન્ય મહેમાનો દ્વારા દિપ જ્યોતિ જલાવી હતી. તથા ધ્વજ વંદન મેયર રીટા બેન પટેલ ના હસ્તે કરવામાં આવ્યું હતું કરવામાં આવ્યું હતું, મેયર દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર દ્વારા જન સંખ્યા દિવસ પર ૧૧ જુલાઇ ૨૦૨૦ના રોજ જન સંખ્યા વિષય પર હિન્દી માં ઑન લાઈન કવિ સંમેલન આયોજિત કરવામાં આવ્યું હતું અને તેમાં રજૂ કરવામાં આવેલ કવિ ઓ ની રચના ઓ નું સંકલન કરી ડૉ ગુલાબચંદ પટેલ સંપાદક અને ડૉ ભાવના સાવલિયા રાજકોટ સહ સંપાદક દ્વારા તૈયાર કરી "જન સંખ્યા" પુસ્તક ઈ બુક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવેલ છે. જેનું વિમોચન મેયર શ્રીમતી રીટા બેન પટેલ ના કર કમળો થી ગુજરાત



પ્રદેશ અધ્યક્ષ શ્રી વિનોદ ભાઈ ઉદેચા ની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર દ્વારા જન સંખ્યા સમાધાન ફાઉંડેશન ગુજરાત પ્રદેશ ના પદાધિકારીઓ ને શપથ લેવડાવવવમાં આવ્યા હતા. ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જન સંખ્યા સમાધાન ફાઉંડેશન ના શ્રી વિનોદ ભાઈ ઉદેચા દ્વારા સંસ્થા ની માહિતી આપતા જણાવ્યું હતું કે જન સંખ્યા વધી રહી છે, આવાસ ઘટી રહ્યા છે શિક્ષણ ની નવી સુવિધા ઓ ઉભી કરવી પડે, દેશ નો વિકાશ અટકી જાય, ચીજ વસ્તુઓ ઘટી જાય એટલે મોંઘવારી વધે, સંસદ માં કાયદો બનાવી જન સંખ્યા પર નિયંત્રણ લાવવા માટે પ્રયાસ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું અને મેયર રીટા બેન પટેલ નો, ડૉ ગુલાબચંદ પટેલ નો અને અન્ય મહેમાનો નો આભાર માન્યો હતો

### કોરોના સામે લડતા આરોગ્ય તંત્રએ સુરક્ષિત માતૃત્વ અંગેની પણ એટલી જ દરકાર લીધી

# ભાવનગર જિલ્લાના સરકારી દવાખાનાઓમાં ૧૧,૯૭૫ સગર્ભાઓની સફળ પ્રસુતિ કરાવાઈ જેમાં ૫૪ કોરોના પોઝિટિવ મહિલાઓનો પણ સમાવેશ









કમલમ દૈનિક,

ભાવનગર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો, સર તખ્તસિંહજી જનરલ હોસ્પિટલ અને સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પીટલોમા આ વર્ષે માહે જાન્યુઆરી થી ઓક્ટોબર દરમિયાન જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૧૧,૯૭૫ જેટલી સફળ પ્રસુતી કરાવાઈ હતી જેમાથી ૫૪ મહિલાઓ કોરોના પોઝિટિવ હતી જેમની પણ સફળ પ્રસુતિ કરાવી કોરોના સામે બાથ ભીડતાં આરોગ્ય તંત્રે સગર્ભાઓને સુરક્ષિત માતૃત્વ મળે તેની પણ યોગ્ય દરકાર લીધી હતી.આ તમામ પ્રસુતિઓમાં ૧૭૬ જેટલી સીઝેરીયન સેક્શન ડીલેવરી પણ કરવામા આવી હતી. આરોગ્ય વિભાગ દ્વારા ભાવનગર જિલ્લાના ઘણા આરોગ્ય કેંન્દ્રમા LaQshya સ્ટાન્ડર્ડ મુજબના નવા પ્રસુતિ કક્ષ બનાવવામા આવ્યા છે અને વધુ સારી ગુણવત્તા યુક્ત સેવાઓ આપવા માટે ડોક્ટરની સાથે સ્ટાફ નર્સની પણ નિમણુક કરવામા આવી છે.સાથે સાથે સગર્ભા મહિલાને પ્રસુતી માટે હોસ્પિટલ – આરોગ્ય કેંદ્ર સુધી લાવવા અને પ્રસુતી બાદ ઘરે પરત મુકવાની પણ આરોગ્ય તંત્ર દ્વારા વિનામૂલ્યે સુવિધા ઉપલબ્ધ કરવામા આવી છે.સરકારી સંસ્થાઓમા પ્રસુતી માટે આવનાર મહિલાને પ્રસુતી, દવાઓ, પોષક ભોજન , લેબોરેટરી ટેસ્ટ , જરૂર પડે તો લોહી ચડાવવાની સુવિધા પણ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આમ ગુણવત્તા યુક્ત સેવાઓ, સારુ ઈંફ્રાસ્ટ્રક્ચર મળતા જિલ્લામાં માતા મરણમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે અને લોકોનો વિશ્વાસ જીતવામા પણ આરોગ્ય તંત્રને સફળતા મળી છે. જિલ્લા આર.સી.એચ. અધીકારી - ડો. પી. વી. રેવરના જણાવ્યા મુજબ દર માસની ૯ મી તારીખે પ્રધાનમંત્રી સુરક્ષીત માતૃત્વ અભીયાન અંતર્ગત સરકારી તબીબો અને સાથે સાથે ખાનગી હોસ્પિટલના સ્ત્રી રોગ નિષ્ણાત તબીબો દ્વારા પણ સગર્ભા બહેનોનુ વિનામુલ્યે હેલ્થ ચેકઅપ કરવામા આવે છે, તેમજ આરોગ્ય કેન્દ્રમા હાલ તાલીમબદ્ધ સ્ટાફ હોઈ તથા લેબરરૂમમા પૂરતી સગવડો હોય રીસ્પેક્ટફુલ મેટરનીટી કેર થઈ શકે તે માટે ખાસ કરીને નોર્મલ સુવાવડ થઈ શકે તેવા લાભાર્થીઓને ઓળખી અને તેમનુ નિયમિત ચેકઅપ કરાવીને PHC ખાતે પ્રસુતી માટે જણાવવામા આવે છે. જેમા જોખમી સગર્ભાઓને અલગ તારવી સતત ફોલોઅપ લઈ વધુ સારી સગવડ જેવી કે બ્લડ ચડાવવાની , સીઝેરીયન કરવાની વ્યવસ્થા હોય ત્યા મોક્લવામા આવે છે.આ સુચારૂ વ્યવસ્થાના કારણે માતા મૃત્યુ દરમાં પણ જિલ્લામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે.

સામુહીક આરોગ્ય કેન્દ્ર શિહોર ખાતે સ્ત્રી રોગ નિષ્ણાત ડોકટર દ્વારા ૧૧૯ જેટલી સીઝેરીયન ડીલેવરી કરી સાગર્ભઓને સુરક્ષિત માતૃત્વ પુરૂ પાડવામાં આવ્યું છે. હાલ, જિલ્લા વિકાસ અધીકારી શ્રી વરુણકુમાર બરનવાલના માર્ગદર્શન થી લોહીના ટકા ચેક કરવા માટે ડીજીટલ મશીન આરોગ્ય કેન્દ્રો ખાતે ઉપલબ્ધ કરાયા છે જેના દ્વારા ૪ વખત સગર્ભા માતાના લોહીના ટકાની તપાસ થાય છે. આમ માતા મરણ અટકાવવા માટે પણ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પુરતા પ્રયત્નો કરવામા આવી રહયા છે.આ ઉપરાંત સગર્ભા માતા , ધાત્રી માતા , અને બાળકોના રસીકરણ માટે ખીલખીલાટ વાનનો પણ જનહિતાર્થે વિના મુલ્યે ઉપયોગ કરી લોકો ને વધુ સારી આરોગ્ય સુવિધા મળી રહે એ માટે સતત મોનિટરીંગ કરવામા આવી રહ્યુ છે. સરકારી સંસ્થામા પ્રસુતિ કરાવવા માટે અને આરોગ્ય વિષયક વિવિધ સેવાઓ લેવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધીકારી ડો. એ.કે. તાવીયાડ તથા ભાવનગર મહાનગરપાલિકાના મેડિકલ ઓફિસર ડો.સિન્હા દ્વારા પણ જાહેર જનતાને અનુરોધ કરવામા આવ્યો છે.

# મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની ગુજરાત સરકારના પાંચ લાખથી વધુ કર્મયોગીઓને દિપાવલી ભેટ

## સરકારમાં સેવારત તમામ અધિકારી–કર્મચારીઓને ૧૦ હજાર રૂપિયા ફેસ્ટિવલ એડવાન્સ રાજ્ય સરકાર આપશે



### ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહિત કરવા રૂ–પે કાર્ડ સ્વરૂપમાં અપાશે ફેસ્ટિવલ એડવાન્સની રકમ અંદાજે રૂ. ૫૦૦ કરોડ રૂપિયાની નાણાં જોગવાઈ

- દિપાવલીના તહેવારોમાં લોકોને ખરીદીમાં સરળતા મળશે
- નાના વેપાર–ધંધા રોજગારને વેગ મળશે
- રાષ્ટ્ર–રાજ્યના અર્થતંત્રમાં પ્રવર્તમાન સ્થિતીમાં નવી ગતિ મળશે

કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય સરકારના પાંચ લાખથી વધુ અધિકારી કર્મચારીઓને દીપાવલી ભેટ રૂપે તહેવાર પેશગી આપવાનો ઉદાત્ત નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીના આ કર્મયોગી હિતકારી નિર્ણયને પરિણામે રાજ્ય સરકારમાં સેવારત તમામ અધિકારી કર્મચારીઓને દીપાવલી નૂતનવર્ષ તહેવારોના અવસરે ૧૦ હજાર રૂપિયા ફેસ્ટિવલ એડવાન્સ તરીકે વગર વ્યાજે મળશે. રાજ્ય સરકારે આ હેતુસર અંદાજે રૂ. ૫૦૦ કરોડની નાણાં જોગવાઈ કરી છે. ડિજિટલ ટ્રાન્ઝેકશનને વધુ પ્રોત્સાહિત કરવા આ એડવાન્સની રકમ અધિકારીઓ કર્મચારીઓને રૂપે કાર્ડના સ્વરૂપમાં આપવામાં આવશે.અધિકારીઓ-કર્મચારીઓને મળનારી આ પેશગી રાજ્ય સરકાર દ્વારા વગર વ્યાજે ૧૦ માસિક સરખા હપ્તામાં પરત લેવામાં આવશે.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના આ ઉદ્દાત નિર્ણયને પરિણામે દીપાવલીના તહેવારોમાં લોકોને ચીજ વસ્તુઓની ખરીદીમાં સુગમતા રહેશે તેના પરિણામે નાના વ્યાપારીઓના વ્યવસાય રોજગારને વેગ મળશે.પ્રવર્તમાન સ્થિતીમાં દેશ તથા રાજયના અર્થતંત્રને પણ નવી ગતિ મળશે.

### કિશોરીના મરજી વિરુધ્ધ લગ્ન અટકાવતી

# નવસારી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ




નવસારી

નવસારી નજીકના ગામમાંથી એક કિશોરીનો અભયમ ૧૮૧મહિલા હેલ્પલાઈન માં કોલ આવેલ કે મારી ઉંમર ઓછી છે અને મારી મરજી વિરુદ્ધ મારા લગ્ન ગોઠવેલ છે જેમાં મદદ કરવા જણાવતા નવસારી અભયમ રેસ્કયુટીમ સ્થળ પર પહોંચી પરિવારને સમજાવી લગ્ન મોકૂફ રાખવા સંમત કર્યા હતા. અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનને મળતી માહિતી મુજબ નર્સિંગના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરી રહેલ કિશોરીના લગ્ન સુરત ખાતે નક્કી કરવામાં આવ્યા હતા. આ લગ્ન કિશોરીની મરજી વિરુધ્ધ હતા તેથી તેણે પરિવારને આ લગ્ન નથી કરવા અને પોતાની મરજી નથી તેમ જણાવ્યું હતું.

તેમ છતાં તેમના પરિવારે લગ્નની તમામ તૈયારી અને કંકોત્રી પણ છપાવી દીધી હતી. જેથી કિશોરીએ જાતે પોતાની મરજી વિરુધ્ધ લગ્ન રોકવા માટે ૧૮૧મહિલા હેલ્પલાઈનને કોલ કરી પોતાની વ્યથા જણાવી હતી. અભયમ ટીમે કિશોરીનું લિવિંગ સર્ટિફિકેટ તપાસતા ૧૭વર્ષની વય ધરાવતી હતી. તેથી કિશોરીના પરિવારને સમજાવેલ કે આ ઉંમરે લગ્ન કરવા કાયદા વિરુદ્ધ છે અને જે ગુનો બને છે. અભયમ ટીમે તેમને બાળ લગ્ન પ્રતિબંધક કાયદા વિષે માર્ગદર્શન આપ્યું હતું આથી પરિવાર અને ગામના આગેવાનોએ હમણાં લગ્ન મોકૂફ રાખવા તૈયારી બતાવી હતી અને ૬ મહિના પછી દીકરીની ઉંમર પુખ્ત વયની થાય ત્યારે લગ્ન કરાવશે તેની લેખિત ખાત્રી આપી હતી. આમ, નવસારી અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમ કિશોરીની મદદે આવી હતી.

# નવસારી જિલ્લામાં બે મોબાઈલ ધન્વંતરી કોવિડ કલીનીકને પ્રસ્થાન કરાવતા જિલ્લા કલેક્ટર શ્રીમતી આર્દ્રા અગ્રવાલ







કમલમ દૈનિક, નવસારી

નવસારી જિલ્લામાં કોરાના રોગચાળાને નિયંત્રણમાં રાખવા તેમજ તે અંગેની જાગૃતિ વધારવા અને શંકાસ્પદ દર્દીઓને સેમ્પલ ટેસ્ટીંગ કરવા તેમજ સારવાર માટે બે મોબાઈલ ધન્વંતરી કોવિડ કલીનીક નવસારી જિલ્લા કલેકટર આર્દ્રા અગ્રવાલ તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી પ્રશસ્તિ પારીકે લીલીઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું. બે એમ્બ્યુલન્સ ખડસુપા સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને ટાંકલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફાળવવામાં આવ્યા છે. જે એક માસ માટે મોબાઈલ કોવિડ કલીનીક તરીકે ઉપયોગ કરવામાં આવનાર છે. મોબાઈલ કલીનીકમાં દર્દીઓને તપાસી સારવાર આપવામાં આવશે. જરૂર પડશે તો તેમના કોવિડ માટે સેમ્પલ લેવામાં આવશે. સાથોસાથ માઈક પ્રચાર દ્વારા લોકોને જન-જાગૃતિના સંદેશા આપવામાં આવશે.

# આણંદ જિલ્લો
# મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના

### જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭ થી વર્ષ ૨૦૨૦–૨૧ સુધીમાં રૂા.૫૯,૦૬૨.૦૩ લાખના ખર્ચે ૧૮૧૮.૪૮ કિ.મી લંબાઈના ૯૫૮ રસ્તાઓને મંજૂરી અપાઈ




કમલમ દૈનિક, આણંદ

ગુજરાત રાજ્ય આજે સમગ્ર દેશમાં ગામડાઓ અને વસવાટો સાથે પાકા રસ્તાથી જોડાણ પ્રાપ્ત કરવામાં અગ્રેસર રાજ્ય બન્યું છે. એટલું જ નહીં ગુજરાત રાજ્યમાં ૯૯ ટકાથી વધુ ગામડાઓ અને વસવાટોને જોડવામાં આવ્યાં છે અને ગૌરવપૂર્ણ સિધ્ધિ હાસંલ કર્યા પછી સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ગ્રામિણ માળખાગત વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. રાજ્યનાં રસ્તાઓની સારી ગુણવત્તા પહોંચાડવા માટે માર્ગ અને મકાન વિભાગ મુખ્યત્વે જવાબદાર હોવાથી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના(એમ.એમ.જી.એસ.વાય) વર્ષ ૨૦૧૬-૧૭માં આ હેતુ માટે શરૂ કરવામાં આવી હતી. આ યોજનાના વ્યાપક ઉદ્દેશો બાકીના ગામો અને વસવાટોને પ્રથમ પાકા રસ્તાથી જોડાણ આપીને રાજ્યના વિકાસની ગતિ તેમજ લોકોની અપેક્ષા પૂરી કરવા, નવા બિન-યોજનાકીય રસ્તાઓ બાંધવા એટલે કે ગામડાઓ-વસવાટોને વધારાના જોડાણ પૂરા પાડવાનું છે. ઉપરાંત મેટલ-માટીના રસ્તાઓને બ્લેક ટોપ સરફેસ ડામરના માર્ગોના સ્તર પર અપગ્રેડ કરવા, હયાત કોઝ-વેના સ્થાને ઉંચા સ્ટ્રકચર્સ બાંધવા તેમજ બારમાસી રસ્તાઓ સાથે ગ્રામીણ વિસ્તારોની સુવિધાને ધ્યાનમાં રાખીને, સલામતીનું સ્તર વધારવા માટે અને મહત્વના ગ્રામીણ માર્ગો પર મુસાફરીની સરળતા માટે વાઈન્ડીંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અને વધતા લોડિંગ અને ટ્રાફિક આવશ્યકતાઓને પહોંચી વળવા અને હાલમાં જે રસ્તાઓ છે તેનું મજબૂતીકરણ કરવાનો છે. અને તે માટે સંવેદનશીલ રાજ્ય સરકાર તેની સામાજિક જવાબદારી માટે પણ પ્રતિબદ્ધ છે. તેની સાથે સાથે આદિજાતિ વિસ્તારો અને જંગલ વિસ્તારમાંથી પસાર થતાં રસ્તાઓ માટે વિશેષ જોગવાઈઓ પણ કરવામાં આવી છે. તદઅનુસાર આણંદ જિલ્લામાં મુખ્ય મંત્રીશ્રી ગ્રામ સડક યોજના હેઠળ જિલ્લામાં ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ના વર્ષ દરમિયાન રૂા. ૫૯,૦૬૨.૦૩ લાખના ખર્ચે ૧૮૧૮.૪૮ કિ.મી લંબાઈના ૯૫૮ રસ્તાઓને મંજુરી આપવામાં આવી છે વિગત વાર જોઈએ તો વર્ષ ૨૦૧૬-૧૭માં રૂા.૨૦,૨૪૨.૫૨ લાખના ખર્ચે ૬૨૪.૫૦કિ.મી લંબાઈના ૩૦૬ રસ્તાની, વર્ષ ૨૦૧૭-૧૮માં રૂા.૧૨,૩૦૭.૪૯ લાખના ખર્ચે ૪૪૦.૫૫કિ.મી લંબાઈના ૨૩૪ રસ્તાઓ, વર્ષ ૨૦૧૮-૧૯માં રૂા.૧૦,૮૩૨.૪૬ લાખના ખર્ચે ૩૬૭.૪૦કિ.મી લંબાઈના ૧૯૬ રસ્તાઓ, વર્ષ ૨૦૧૯-૨૦માં રૂા.૧૩,૭૨૫.૫૮ લાખના ખર્ચે ૩૩૮.૯૮કિ.મી લંબાઈના ૧૯૭ રસ્તાઓ, વર્ષ ૨૦૨૦-૨૧માં રૂા.૧,૯૫૪.૦૦ લાખના ખર્ચે ૪૭.૪૦ કિ.મી લંબાઈના ૨૫ રસ્તાઓને મંજૂરી આપવામાં આવી છે. જેમાંથી કેટલાક રસ્તાની કામગીરી હાલમાં ચાલી રહી છે. આમ, ગુજરાત ગ્રામીણ માર્ગ પ્રોજેક્ટ(એમ.એમ.જી.એસ.વાય યોજના) ગ્રામીણ માળખાગત વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, પરંતુ એટલા પુરતું મર્યાદિત ન રહેતા આ યોજના ગ્રામીણ વિસ્તારોમાં રોજગારની પણ વિશાળ તકો ઉત્પન્ન કરે તેવી છે જેના કારણે ગ્રામીણ ગુજરાતનું સામાજિક માળખું મજબૂત થશે અને તેને સુધારવામાં પણ મહત્વનો ફાળો મળી રહેશે.

# નવસારીના વિજલપોર ખાતે નિઃશુલ્ક યોગ શરૂ







કમલમ દૈનિક, નવસારી

ગુજરાત રાજય યોગ બોર્ડ સંચાલિત અને ફીટ ઈન્ડિયા અંતર્ગત યોગાના નિઃશુલ્ક વર્ગો શનેશ્વર નગર વિજલપોર-નવસારી ખાતે ચાલી રહયાં છે. જેમાં યોગ ટ્રેનર જયેશચંદ્ર ગડકરી માર્ગદર્શન આપી રહયાં છે. સામાજીક કાર્યકર કરૂણાબેન ઝા અને દિલિપસિંહ ભદોરીયાએ યોગા વર્ગની મુલાકાત લઈ શુભેચ્છા પાઠવી હતી. અન્ય યોગ શ્રીમતી વિદ્યાદેવી ઈંગ્લીશ સ્કુલ, રામનગર, વિજલપોર ખાતે ચાલી રહયાં છે.

## નાણાં મંત્રાલયે આત્મનિર્ભર ભારત ૩.૦ પર વિવિધ પગલાંની જાહેરાતો કરી

# નવી યોજના "આત્મનિર્ભર ભારત રોજગાર યોજના" પ્રસ્તુત કરવામાં આવી

### વિકાસશીલ દેશોને ભારત દ્વારા સહાય મારફતે પ્રોજેક્ટ એક્ષપોર્ટ્સ માટે રૂ. ૩,૦૦૦ કરોડનું પ્રોત્સાહન આપવામાં આવશે



### એમએસએમઈ, વ્યવસાયો, મુદ્રા ઋણધારકો અને વ્યક્તિઓ માટે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમને ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી અને વધારાનું ધિરાણ ૨૦ ટકા સુધી મળશે

કમલમ દૈનિક,

કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે આત્મનિર્ભર ૩.૦ અંતર્ગત અર્થતંત્રને વેગ આપવા ભારત સરકારના પ્રોત્સાહન પેકેજના ભાગરૂપે ૧૨ મુખ્ય પગલાંની જાહેરાત કરી છે. આજે જાહેર કરેલા પ્રોત્સાહન પેકેજનું ચોખ્ખું મૂલ્ય રૂ. ૨.૬૫ લાખ કરોડ છે. આજે અહીં પત્રકાર પરિષદને સંબોધતા શ્રીમતી સીતારામને એવી જાણકારી પણ આપી હતી કે, સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ અત્યાર સુધી જાહેર કરેલું કુલ પ્રોત્સાહન પેકેજ રૂ. ૨૯.૮૭ લાખ કરોડનું થાય છે, જે દેશની જીડીપીના ૧૫ ટકા છે. આનો આશય કોવિડ-૧૯ રોગચાળા સામે દેશને લડવામાં મદદ કરવાનો છે. એમાંથી જીડીપીના ૯ ટકા મૂલ્યનું પ્રોત્સાહન સરકારે પ્રદાન કર્યું છે. આત્મનિર્ભર ભારત ૩.૦ અંતર્ગત થયેલી ૧૨ મુખ્ય જાહેરાતો નીચે મુજબ છે -

૧) આત્મનિર્ભર ભારત રોજગાર યોજના:-
કોવિડ-૧૯ સુધારા દરમિયાન રોજગારીના સર્જનને પ્રોત્સાહન આપવા માટે એક નવી યોજના શરૂ કરવામાં આવી છે. જો ઈપીએફઓમાં રજિસ્ટર્ડ કંપનીઓ ઈપીએફઓમાં નોંધાયેલા ન હોય એવા નવા કર્મચારીઓને રોજગારી આપશે અથવા અગાઉ રોજગારી ગુમાવી દીધેલા લોકોને રોજગારી આપશે, તો યોજના આ પ્રકારના કર્મચારીઓ માટે લાભદાયક બની રહેશે.
આ યોજના અંતર્ગત લાભાર્થીઓ/નવી કર્મચારીઓ નીચે મુજબ રહેશે:
ઈપીએફઓમાં નોંધાયેલી કંપનીઓમાં રૂ. ૧૫,૦૦૦થી ઓછા માસિક વેતન પર સામેલ થયેલા નવા કર્મચારીઓ રૂ. ૧૫,૦૦૦થી ઓછું માસિક વતન ધરાવતા અને કોવિડ રોગચાળા દરમિયાન ૦૧.૦૩.૨૦૨૦થી ૩૦.૦૯.૨૦૨૦ દરમિયાન બેરોજગાર થયેલા અને ૦૧.૧૦.૨૦૨૦ના રોજ કે પછી રોજગારી મેળવનાર ઈપીએફ સભ્યો કેન્દ્ર સરકાર ૦૧.૧૦.૨૦૨૦ના રોજ કે પછી નીચે મુજબની કંપનીઓમાં નવા જોડાયેલા કર્મચારીઓના સંબંધમાં બે વર્ષ માટે સબસિડી પ્રદાન કરશે:
મહત્તમ ૧૦૦૦ કર્મચારીઓ ધરાવતી કંપનીઓ માટે: કર્મચારીઓનું પ્રદાન (વેતનનો ૧૨ ટકા હિસ્સો) અને કંપનીનું પ્રદાન (વેતનનો ૧૨ ટકા હિસ્સો) કુલ વેતનનો ૨૪ ટકા હિસ્સો
૧૦૦૦થી વધારે કર્મચારીઓ ધરાવતી કંપનીઓ: ફક્ત કંપનીનું ઈપીએફ પ્રદાન (ઈપીએફ વેતનનો ૧૨ ટકા હિસ્સો)

### ૧૦ મુખ્ય ક્ષેત્રોને રૂ. ૧.૪૬ લાખ કરોડના મૂલ્યની ઉત્પાદન સાથે સંબંધિત પ્રોત્સાહન આપવામાં આવશે

આ યોજનાનો અમલ ૧ ઓક્ટોબર, ૨૦૨૦થી શરૂ થશે અને ૩૦ જૂન, ૨૦૨૧ સુધી કાર્યરત રહેશે. અન્ય ચોક્કસ લાયકાતના ધારાધોરણોને પૂર્ણ કરવામાં આવશે અને કેન્દ્ર સરકાર તાજેતરના લાયક કર્મચારીઓના સંબંધમાં બે વર્ષ માટે સબસિડી પ્રદાન કરશે.

૨) ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમ – એમએસએમઈ, વ્યવસાયો, મુદ્રા ઋણધારકો અને વ્યક્તિઓ (વ્યવસાયિક ઉદ્દેશ માટે લોન) ને ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે.
ક્રેડિટ ગેરન્ટી સપોર્ટ સ્કીમ ઈસીએલજીએસ ૨.૦ હેલ્થકેર ક્ષેત્ર માટે શરૂ કરવામાં આવી છે અને આ યોજના કોવિડ-૧૯ના કારણે ૨૯.૨.૨૦૨૦ના રોજ રૂ. ૫૦ કરોડથી વધારે અને રૂ. ૫૦૦ કરોડ સુધી લોનની ચુકવણી બાકી હોય એવા નાણાકીય ખેંચ અનુભવતા ૨૬ ક્ષેત્રોને માટે ઉપયોગી છે. આ પ્રકારની કંપનીઓને પાંચ વર્ષની મુદત સાથે બાકી નીકળતી લોનના ૨૦ ટકા સુધી વધારાનું ધિરાણ મળશે, જેમાં મુદ્દલની પુનઃચુકવણી પર ૧ વર્ષનું મોરેટોરિયમ સામેલ છે. આ યોજના ૩૧.૩.૨૦૨૧ સુધી ઉપલબ્ધ થશે.

૩) ૧૦ મુખ્ય ક્ષેત્રોને રૂ. ૧.૪૬ લાખ કરોડના મૂલ્યનું ઉત્પાદન સાથે સંબંધિત પ્રોત્સાહન
વધુ ૧૦ મુખ્ય ક્ષેત્રોને સ્થાનિક ઉત્પાદનની સ્પર્ધાત્મકતા વધારવામાં મદદ કરવા ઉત્પાદન સાથે સંબંધિત પ્રોતત્સાહનો હેઠળ આવરી લેવામાં આવશે. એનાથી અર્થતંત્રને મોટું પ્રોત્સાહન મળશે, રોકાણ વધશે, નિકાસ અને રોજગારીની તકોનું સર્જન થશે. આગામી પાંચ વર્ષ માટે આ તમામ ક્ષેત્રો માટે આશરે રૂ. ૧.૫ લાખ કરોડની કુલ રકમ અંકિત કરવામાં આવી છે. આ ૧૦ ક્ષેત્રો છે – એડવાન્સ સેલ કેમિસ્ટ્રી બેટરી, ઈલેક્ટ્રોનિક/ટેકનોલોજી ઉત્પાદનો, ઓટોમોબાઈલ અને ઓટો ઘટકો, ફાર્માસ્યુટિકલ્સ દવાઓ, ટેલીકોમ અને નેટવર્કિંગ ઉત્પાદનો, ટેક્સટાઈલ ઉત્પાદનો, ખાદ્ય ઉત્પાદનો, અતિ કાર્યદક્ષ સોલર પીવી મોડ્યુલ્સ, વ્હાઈટ ગૂડ્સ (એસી અને એલઈડી) અને સ્પેશિયાલ્ટી સ્ટીલ.

### પીએમ આવાસ યોજના - અર્બન માટે રૂ. ૧૮,૦૦૦ કરોડનો વધારાનો ખર્ચ

૪) પીએમ આવાસ યોજના – અર્બન માટે વધુ રૂ. ૧૮,૦૦૦ કરોડની ફાળવણી
પીએમએવાય – અર્બન માટે કુલ રૂ. ૧૮,૦૦૦ કરોડ પ્રદાન કરવામાં આવ્યાં છે, જે ચાલુ વર્ષે ફાળવવામાં આવેલા રૂ. ૮,૦૦૦ કરોડ ઉપરાંતના છે. એનાથી ૧૨ લાખ મકાનોને જમીનદોસ્ત કરવામાં અને ૧૮ લાખ મકાનોનું નિર્માણ કરવામાં મદદ મળશે, જેનાથી ૭૮ લાખ રોજગારીનું સર્જન થશે તથા સ્ટીલ અને સિમેન્ટનું ઉત્પાદન અને વેચાણ વધશે. પરિણામે અર્થતંત્ર પર એકથી વધારે સ્તરે અસર થશે.

### સરકારી ટેન્ડર્સ પર બાનાની રકમ અને પર્ફોર્મન્સ સીક્યોરિટીની છૂટછાટ

૫) નિર્માણ અને માળખાગત ક્ષેત્ર માટે ટેકો – સરકારી ટેન્ડર્સ પર બાનાની રકમ (ઈએમડી) અને પર્ફોર્મન્સ સીક્યોરિટીમાં છૂટછાટ
વેપારવાણિજ્યને સરળ બનાવવા અને કોન્ટ્રાક્ટર્સનાં નાણાં લોક ન થાય એ માટે રાહત આપવા કોન્ટ્રાક્ટ્સ પર પર્ફોર્મન્સ સીક્યોરિટી પથી ૧૦ ટકાથી ઘટાડીને ૩ ટકા કરવામાં આવી છે. આનો લાભ હાલના કોન્ટ્રાક્ટ અને સરકારી સાહસોને પણ મળશે. ટેન્ડર્સ માટે બાનાની રકમનું સ્થાન બિડ સીક્યોરિટી ડેક્લેરેશન લેશે. સાધારણ નાણાકીય નિયમોમાં છૂટછાટો ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ સુધી અમલમાં રહેશે.

### સર્કલ રેટ અને સમજૂતીના મૂલ્ય વચ્ચે ફરક વધીને ૨૦ ટકા, જેથી ડેવલપર્સ અને ઘરના ગ્રાહકોને આવકવેરામાં ૨૦ ટકા રાહત મળશે

૬) ડેવલપર્સ અને ઘરના ગ્રાહકો માટે આવકવેરામાં રાહત
આવકવેરા ધારાની કલમ ૪૩ સીએ અંતર્ગત રિયલ એસ્ટેટ આવકવેરામાં સર્કલ રેટ અને સમજૂતીના મૂલ્ય વચ્ચેનો ફરક ૧૦ ટકાથી વધારીને ૨૦ ટકા કરવામાં આવ્યો છે. આની પાછળનો મુખ્ય ઉદ્દેશ રૂ. ૨ કરોડ સુધીના રહેણાક યુનિટના વેચાણને વધારવાનો છે (આ યોજનાની જાહેરાતની તારીખથી ૩૦ જૂન, ૨૦૨૧ સુધી). પરિણામે કથિત ગાળા માટે આવકવેરા ધારાની કલમ ૫૬(૨)(ટ) હેઠળ આ એકમોના ગ્રાહકોને ૨૦ ટકા સુધીની રાહત મળશે. આવકવેરાની રાહત મધ્યમ વર્ગના ગ્રાહકોને પ્રોત્સાહન પ્રદાન કરશે.

### નેશનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (એનઆઈઆઈએફ)ના ડેટ પ્લેટફોર્મમાં રૂ. ૬,૦૦૦ કરોડનું ઈક્વિટી રોકાણ

૭) માળખાગત ક્ષેત્ર માટે ડેટ ફાઈનાન્સિંગ માટે પ્લેટફોર્મ
સરકાર નેશનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (એનઆઈઆઈએફ)ના ડેટ પ્લેટફોર્મમાં રૂ. ૬,૦૦૦ કરોડની ઈક્વિટી રોકાણ કરશે, જેનાથી એનઆઈઆઈએફને વર્ષ ૨૦૨૫ સુધી માળખાગત પ્રોજેક્ટ્સ માટે રૂ. ૧.૧ લાખ કરોડનું ડેટ પ્રદાન કરવામાં મદદ મળશે.

### કૃષિ ક્ષેત્રને ટેકો આપવા સબસિડાઈઝ ખાતરો માટે રૂ. ૬૫,૦૦૦ કરોડ

૮) કૃષિ ક્ષેત્રને ટેકો: સબસિડાઈઝ ખાતરો માટે રૂ. ૬૫,૦૦૦ કરોડ
ખાતરના વપરાશમાં નોંધપાત્ર પ્રમાણમાં વધુ થવાથી ખેડૂતોને પાકની આગામી સિઝનમાં ખાતર સમયસર મળે એ માટે ખાતરના પુરવઠામાં વધારો સુનિશ્ચિત કરવા રૂ. ૬૫,૦૦૦ કરોડ પ્રદાન કરવામાં આવ્યાં છે.

૯) ગ્રામીણ રોજગારી માટે પ્રોત્સાહન:
ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીનું સર્જન કરવા માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ રોજગાર યોજના માટે વધુ રૂ. ૧૦,૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એનાથી ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવામાં મદદ મળશે.


૧૦) પ્રોજેક્ટ એક્ષપોર્ટ્સ માટે પ્રોત્સાહન
ઈન્ડિયન ડેવલપમેન્ટ એન્ડ ઈકોનોમિક આસિસ્ટન્સ સ્કીમ (આઈડિયાસ સ્કીમ) હેઠળ પ્રોજેક્ટ નિકાસને પ્રોત્સાહન આપવા માટે એક્ઝિમ બેંકને રૂ. ૩,૦૦૦ કરોડ પ્રદાન કરવામાં આવ્યાં છે. એનાથી એક્ઝિમ બેંકને લાઈન ઓફ ક્રેડિટ વિકાસ સહાયક પ્રવૃત્તિઓની સુવિધા ઊભી કરવામાં અને ભારતમાંથી નિકાસને વેગ આપવામાં મદદ મળશે.

૧૧) મૂડી અને ઔદ્યોગિક પ્રોત્સાહન
સ્થાનિક ક્ષેત્ર સંરક્ષણ ઉપકરણના ઉત્પાદન માટે, ઔદ્યોગિક માળખાગત સુવિધાનું સર્જન કરવા અને પર્યાવરણને અનુકૂળ ઊર્જાનું ઉત્પાદન કરવા મૂડીગત અને ઔદ્યોગિક ખર્ચ માટે રૂ. ૧૦,૨૦૦ કરોડના વધારાનું અંદાજપત્રીય પ્રોત્સાહન પ્રદાન કરવામાં આવ્યું છે.

૧૨) કોવિડ રસી માટે સંશોધન અને વિકાસ માટે સહાય
ભારતમાં કોવિડ રસી પર સંશોધન કરવા અને એને વિકસાવવા બાયોટેકનોલોજી વિભાગને રૂ. ૯૦૦ કરોડ પ્રદાન કરવામાં આવ્યાં છે.

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ રોજગાર યોજના માટે રૂ. ૧૦,૦૦૦ કરોડનો વધારાનો ખર્ચ પ્રદાન કરવામાં આવ્યો

# રાજ્ય સરકાર વિદ્યાર્થીઓની સલામતિ-સ્વાસ્થ્ય સુરક્ષા અંગે કોઈ બાંધછોડ કરવા કે જવાબદારીમાંથી છટકવા માંગતી નથી:- ભૂપેન્દ્રસિંહ ચુડાસમા



### રાજ્યમાં શાળા-કોલેજો ફરી કાર્યરત થાય ત્યારે વિદ્યાર્થીને શાળામાં મોકલવા અંગેની માતા-પિતા કે વાલીની મંજૂરી ભારત સરકારના દિશાનિર્દેશો એસ.ઓ.પી અનુસાર લેવામાં આવવાની છે:-શિક્ષણ મંત્રીશ્રી

- શાળા-કોલેજો ફરી શરૂ કરવાનો નિર્ણય ગુજરાત પહેલાં દેશના ૭ રાજ્યોએ સપ્ટેમ્બરમાં ત્રણ-ત્રણ રાજ્યોએ ઓક્ટોબર-નવેમ્બરમાં કર્યા છે
- ગુજરાતે અન્ય રાજ્યો સાથે પરામર્શ-આકલન કરીને ધો-૯ થી ૧૨ અને કોલેજોમાં શિક્ષણ કાર્ય ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે

### વિવિધ રાજ્યો દ્વારા શાળાઓ ખોલવા અંગેની વિગતો:

| ક્રમ | રાજ્ય | શાળા શરુ કરવાનો મહિનો | ધોરણ |
|---|---|---|---|
| ૧ | હરિયાણા, જમ્મુ કશ્મીર, મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ, બિહાર | સપ્ટેમ્બર | ૯ થી ૧૨ |
| ૨ | પંજાબ | ઓક્ટોબર | ૯ થી ૧૨ |
| ૩ | હિમાચલ પ્રદેશ | ઓક્ટોબર | ૯ થી ૧૨ |
| ૪ | ઉત્તર પ્રદેશ | ૧૯ ઓક્ટોબર | ૯ થી ૧૨ |
| ૫ | આંધ્રપ્રદેશ | ૨ નવેમ્બર<br>કોરોના કેસ આવવાને કારણે વિદ્યાર્થીઓ અને શિક્ષકોના ટેસ્ટ સરકાર દ્વારા કરાવવામાં આવી રહ્યા છે. શાળાઓ બંધ કરેલ નથી. | ૯ થી ૧૨ |
| ૬ | તમિલનાડુ | ૧૬ નવેમ્બર નક્કી કરેલ | ૯ થી ૧૨ |
| ૭ | મહારાષ્ટ્ર | ૨૩ નવેમ્બર | ૯ થી ૧૨ |
| ૮ | હરિયાણા | ૫ નવેમ્બર | ૯ થી ૧૨ (૩ કલાક માટે) |
| ૯ | આસામ | ૨ નવેમ્બર | ૯ થી ૧૨ |

કમલમ દૈનિક,

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, રાજ્યમાં શાળાઓ તા.૨૩મી નવેમ્બરથી શરૂ થાય ત્યારે વિદ્યાર્થીના શાળામાં આવવા અંગેની સંમતિ-મંજૂરી માતા-પિતા કે વાલી પાસેથી લેવાની બાબત ભારત સરકારની માર્ગદર્શિકા S.O.P અનુસાર જ રાખવામાં આવી છે. આ સંદર્ભમાં શિક્ષણ મંત્રીશ્રીએ કહ્યું કે, ભારત સરકારે શાળા-કોલેજો પૂર્વવત શરૂ કરતી વેળાએ વિદ્યાર્થીને શાળામાં મોકલવા અંગેની અનુમતિ તેના માતા-પિતા કે વાલી પાસેથી મેળવવા તમામ રાજ્યો માટે જારી કરેલી S.O.Pમાં જ દર્શાવેલું છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર વિદ્યાર્થીની સલામતિ-આરોગ્યરક્ષા અંગે કોઈ બાંધછોડ કરવા માંગતી નથી કે જવાબદારીમાંથી છટકવા પણ માંગતી નથી જ. સમગ્ર દેશમાં જ્યારે ભારત સરકારે શિક્ષણ સંસ્થાઓ ખોલવા માટે જાહેર કરેલી S.O.Pનો અમલ થઈ રહ્યો છે ત્યારે ગુજરાત સરકારે પણ તેને અનુસરવાનો નિર્ણય કરેલો છે, તેમ તેમણે ઉમેર્યુ હતું. શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું કે, વિદ્યાર્થીના સ્વાસ્થ્યની રક્ષા તેમજ શિક્ષણ બાબતે સરકાર, શાળા સંચાલકો, સમાજ, માતા-પિતા વાલી સૌ જવાબદાર છે. સરકાર પોતાની જવાબદારીમાંથી છટકવા માંગે છે તેવી ગેરસમજ દુર થાય તે પણ જરૂરી છે. શ્રી ભૂપેન્દ્રસિંહજીએ કહ્યું કે, શાળા-કોલેજો ફરીથી કાર્યરત કરવાના નિર્ણયો ગુજરાત સિવાયના અન્ય રાજ્યોએ તો સપ્ટેમ્બર-ઓકટોબર મહિનાથી જ કરેલા છે. તેમણે જણાવ્યું કે, વિવિધ રાજ્ય સરકારોના શિક્ષણ મંત્રીશ્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે સંપર્કમાં રહીને જ ગુજરાત સરકારે યોગ્ય નિર્ણય કરેલો છે.

શિક્ષણ મંત્રીશ્રીએ દેશના જે રાજ્યોમાં શાળાઓ શરૂ કરી દેવામાં આવી છે તેની વિસ્તૃત વિગતો પણ આપી હતી. શિક્ષણ મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, દેશના અન્ય રાજ્યોએ ગુજરાતથી પહેલાં પોતપોતાના રાજ્યોમાં ધોરણ ૯ થી ૧૨ ના વર્ગો ફરી શરૂ કરેલા છે. ગુજરાતે આ બધી જ બાબતોનો સર્વગ્રાહી અભ્યાસ તેમજ ગહન પરામર્શ બેઠકો બાદ વિદ્યાર્થીઓના આરોગ્ય હિતને અહેમિયત આપીને ભારત સરકારની S.O.Pના નિયમોના અનુપાલન સાથે આગામી તા.૨૩ નવેમ્બરથી શાળા-કોલેજો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે..

### કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ મંત્રાલયના નવા નામકરણની તક્તિનું અનાવરણ કર્યું

# બદલાયેલા નામ સાથે, જળમાર્ગો અને તટવર્તીય જહાજ પરિવહનના વિકાસ પર ધ્યાન આપવા માટે મંત્રાલય વિશેષ પ્રયાસો કરી રહ્યું છે: શ્રી મનસુખ માંડવિયા

### જહાજ મંત્રાલયનું નામ બદલીને બંદરો, જહાજ પરિવહન અને જળમાર્ગ મંત્રાલય રાખવામાં આવ્યું છે




કમલમ દૈનિક,

કેન્દ્રીય બંદરો, જહાજ પરિવહન અને જળમાર્ગ તેમજ અને રસાયણ અને ખાતર રાજ્યમંત્રી (સ્વતંત્ર પ્રભાર) શ્રી મનસુખ માંડવિયાએ નવી દિલ્હી ખાતે મંત્રાલયના નવા નામકરણની તક્તિનું અનાવરણ કર્યું હતું. જહાજ મંત્રાલયનું નામ બદલીને હવે બંદરો, જહાજ પરિવહન અને જળમાર્ગ મંત્રાલય રાખવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૮ નવેમ્બર ૨૦૨૦ના રોજ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ગુજરાતમાં હજીરા અને ઘોઘા વચ્ચે રો-પેક્સ ફેરી સેવાના શુભારંભ પ્રસંગે આપેલા સંબોધન દરમિયાન જહાજ મંત્રાલયના નવા નામકરણની જાહેરાત કરી હતી. આ ઐતિહાસિક જાહેરાત કરતી વખતે શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "હવે આ મંત્રાલય બંદરો, જહાજ પરિવહન અને જળમાર્ગ મંત્રાલયના નવા નામથી ઓળખાશે.

હવે તેનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. મોટાભાગના વિકસિત અર્થતંત્રોમાં જહાજ મંત્રાલય દ્વારા જ બંદરો અને જળમાર્ગોની જવાબદારી પણ સંભાળવામાં આવે છે. ભારતમાં, જહાજ મંત્રાલય દ્વારા બંદરો અને જળમાર્ગો માટે સંખ્યાબંધ કાર્યો કરવામાં આવ્યા છે. હવે, તેના નામમાં જ વધુ સ્પષ્ટતા કરવામાં આવી હોવાથી તેના કામકાજોમાં પણ વધારે સ્પષ્ટતા આવશે."

પ્રધાનમંત્રી દ્વારા મંત્રાલયના નવા નામકરણની જાહેરાત કર્યા પછી તાકીદના ધોરણે જ આ સંબંધિત તમામ ઔપચારિકતાઓ પૂર્ણ કરવા માટે મંત્રાલય સક્રિય થયું હતું. તમામ ઔપચારિકતાઓ કામકાજના માત્ર બે દિવસમાં જ પૂર્ણ કરવામાં આવી હતી અને નામ બદલવા અંગે સત્તાવાર અધિસૂચના ૧૦ નવેમ્બર ૨૦૨૦ના રોજ ભારતના રાજપત્રમાં પ્રકાશિત કરવામાં આવી હતી. આજે તક્તિ અનાવરણના ઔપચારિક કાર્યક્રમ દરમિયાન શ્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, આ ખરેખર ઘણી ગૌરવની વાત છે કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશી સાથે દેશ સર્વાંગી અને લાંબા ગાળાની મલ્ટી-મોડલ કનેક્ટિવિટી સાથે આગેકૂચ કરી રહ્યો છે. તેમણે ઉમેર્યુ હતું કે, બંદરો, જહાજ પરિવહન અને જળમાર્ગોની વાત છે ત્યાં સુધી તેમના કાર્યક્ષેત્રમાં વિસ્તરણ અંગેની પ્રધાનમંત્રીની દીર્ઘદૃષ્ટિ માટે હું ખરેખર તેમના પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરું છું. શ્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, "બદલાયેલા નામ સાથે મંત્રાલય હવે જળમાર્ગો અને તટવર્તીય જહાજ પરિવહનના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે વિશેષ પ્રયાસો કરી રહ્યું છે. અંદાજે ૧૪૦૦ કિલોમીટરનો જળમાર્ગ પહેલાંથી જ સંપૂર્ણપણે વિકસાવવામાં આવ્યો છે અને વધુમાં ૧૦૦૦ કિલોમીટરના જળમાર્ગને પ્રાથમિકતાના ધોરણે વિકસાવવામાં આવી રહ્યો છે જેના માટે DDR/સંભાવના અભ્યાસ પૂર્ણ કરવામાં આવ્યો છે. અમે પોર્ટ ગ્રીડ તૈયાર કરવા પર પણ ધ્યાન આપી રહ્યાં છીએ, જેમાં વિવિધ નાના બંદરો જેમ કે મસ્ત્યપાલન બંદર, કૃષિ બંદર અને ખનીજ પંદર વગેરેને આવરી લેવામાં આવ્યા છે જેથી જેશમાં બંદર વિકાસ અને બંદરની આગેવાની આધારિત વિકાસ થઈ શકે."

બંદર, જહાજ પરિવહન અને જળમાર્ગ મંત્રાલયના સચિવ શ્રી સંજીવ રંજન અને અધિક સચિવ શ્રી સંજય બંદોપાધ્યાય, IWAIના ચેરમેન ડૉ. અમિતા પ્રસાદ, જહાજ પરિવહનના મહાનિદેશક શ્રી અમિતાભ કુમાર, IPAના ચેરમેન શ્રી ટી.કે. રામચંદ્રન તેમજ તમામ મુખ્ય બંદરોના ચેરમેન અને મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# પર્યાવરણને ધ્યાને લઈ જામનગરમાં શરૂ કરાઈ સીએનજી બસ

કમલમ દૈનિક, વ્યારા,

ગુજરાતને ગ્રીન એનર્જીના વપરાશમાં અગ્રેસર કરતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા સીએનજી બસોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, ત્યારે આજરોજ જામનગર મહાનગરપાલિકાના આંગણે મહાનુભાવોના હસ્તે શહેરમાં ૩ સી.એન.જી બસોને લીલી ઝંડી આપી રવાના કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા સીએમ અર્બન બસ પ્રોગ્રામ હેઠળ જામનગર શહેર વિસ્તારમાં ૩૦ લોકોની ક્ષમતા સાથેની દસ મિની સીએનજી બસ પીપીપીના ધોરણે ચલાવવામાં આવશે. જામનગર ખાતે હાલ ૩ બસો કાર્યરત કરવામાં આવી છે. જેમાં બીજા તબક્કામાં અન્ય બસોને જરૂરિયાત મુજબના રૂટ પર ચલાવવામાં આવશે. જામનગર શહેરના વિસ્તારને ધ્યાને લેતા અંદાજે ૪૦ જેટલી બસોની જરૂરિયાત રહેવા પામે છે, જેમાં મહાનગરપાલિકા દ્વારા પ્રથમ તબક્કામાં ૧૦ ડીઝલ ઓપરેટેડ બસો ખરીદવામાં આવેલ હતી, પરંતુ પર્યાવરણને વધુ સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત કરવા માટે મુખ્યમંત્રી દ્વારા રાજ્યમાં સીએનજીનો વ્યાપ વધારવામાં આવ્યો છે ત્યારે જામનગર ખાતે હવે સીએનજી બસો ચલાવવામાં આવશે. આ કાર્યક્રમમાં કૃષિમંત્રી આર.સી.ફળદુ, અન્ન અને નાગરિક પુરવઠા રાજયમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, સાંસદ પૂનમબેન માડમ સહિતના રાજકીય મહાનુભાવો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કલા સૃષ્ટિ ફાઉન્ડેશન, ડીસા દ્વારા સફાઈ કર્મચારીઓ નું સન્માન કરવામાં આવ્યું




કમલમ દૈનિક,

મહાત્મા ગાંધી બાપુજી ના શબ્દ રૂપી સ્લોગન શબ્દોમાં એવો ભાવ છે કે સ્વચ્છતા ત્યાં પ્રભુતા જો શેરી મહોલ્લા નિયમિત સુંદર સફાઈ હશે તો ત્યાંનું વાતાવરણ સ્વચ્છ અને સુંદર તેમજ રોગમુક્ત થશે ભારત સરકાર દ્વારા માન્ય શ્રી વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી સાહેબે સ્વચ્છતાની ખૂબ જ દરેક રાજ્યોમાં પ્રાધાન્ય આપ્યું છે, જે અનુલક્ષીને દરેક ગામ /શહેરોમાં નિયમિત રીતે સફાઈ કામદાર ભાઈ બહેનો દ્વારા નિયમિત સફાઈ થાય છે, અને મોટા શહેરોમાં નગરપાલિકા વિસ્તારોમાં પણ સફાઈ કામદારો દ્વારા દરેક શેરી મહોલ્લાઓ માં સફાઈ કરવામાં આવે છે તેમજ સફાઈ વાન દ્વારા સફાઈ કર્મચારીઓ સફાઈવાન ડ્રાઈવર સાથે સંગીત ગીતો સાથે કચરો લેવા ઘેર આવે છે, એ જ રીતે ડી .ડબલ્યુ .સી .સફાઈ વાન ડીસા નગરપાલિકા દ્વારા દરેક વિસ્તારો પણ ખૂબ જ સુંદર સુવિધાઓ આવાં વાન દ્વારા આપવામાં આવેલ છે, જે આજરોજ સમર્પણ સોસાયટી, પંચાલ ડાયાભાઈ અમૃતભાઈ (સફાઈ વાન ડ્રાઈવર કામદાર) તેમજ માધુભાઈ (સફાઈ કામદાર) તેમજ રમીલાબેન (સફાઈ કામદાર )ઓ નું આજરોજ વાસુદેવ ચમનાજી જોષી પરિવાર (ભૂતપૂર્વ વિદ્યાર્થી બ્રાન્ચ શાળા, ડીસા .ભગવતી સાડી શોરૂમ કર્મચારી, ડીસા )તેમજ ચંદુભાઈ એ.ટી.ડી. (રાષ્ટ્રીય પારિતોષિક ચિત્ર શિક્ષક પ્રણેતા, કલા સૃષ્ટિ ફાઉન્ડેશન) દ્વારા કંકુ તિલક ,મોં મીઠું કરાવી ,ફૂલહાર પહેરાવી, સાલ,તેમજ સાડી ઓઢાડી તેમજ દીકરી દેવો ભવ ચિત્ર મોમેન્ટો આપી પરિવાર દ્વારા સન્માન કરવામાં આવેલ .આ પ્રસંગે ડાહ્યાભાઈએ જણાવ્યું કે અમે આ અમારું સફાઈ વાન દ્વારા અમે શેરીઓમાં ફરી ફરીને ઘરે ઘરે ભેગો કરેલો કચરો લેવા માટે આવીએ છીએ , અને લોકો કચરો અમારા વાહનમાં આપે છે,એ દરરોજ નિયમિત કામ થી અમને સંતોષ છે, તથા આજરોજ અમારું સન્માન થયું તેનો અમને ખૂબ જ હર્ષ છે ,તેમજ અમારા કાર્યની જે નોંધ લીધી એ ખૂબ જ અમારા માટે વંદનીય છે.

# ભિલોડા માં અરવલ્લી જિલ્લાના નવનિયુક્ત ભાજપ પ્રમુખ નો સન્માન સમારંભ યોજાયો.





કમલમ દૈનિક, અરવલ્લી/ભિલોડા

અરવલ્લી જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ જિલ્લામાં ચાર્જ સંભાળ્યા બાદ પ્રથમ ભિલોડાના કાર્યકરોને મળવા માટે આવ્યા હતા અને ભિલોડા ની પ્રેરણા મંદિરના હોલમાં કોરોનાવાયરસ ની ગાઈડલાઈન માં નવનિયુક્ત ભાજપ પ્રમુખ નો સન્માન સમારંભ યોજાયો હતો આ પ્રસંગે ભિલોડા તાલુકા ભાજપના પ્રમુખ કાંતિલાલ પટેલ,ગુણવત ત્રિવેદી, ભીખાભાઈ પટેલ રણવીરસિંહ ડાભી, યોગેશ બુદ્ધ, નીલાબેન મડિયા, ગુલાબચંદ પટેલ,યુવાન કાર્યકર વિરભદ્રસિંહ ચૌહાણ,રાજુભાઈ નિનામાં, હસમુખભાઈ મડિયા, દામૂભાઈ પટેલ ,ગીરીશભાઈ પટેલ, શામળભાઈ પટેલ,સહીત કાર્યકરો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા ભાજપ પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ ને સાફો પહેરાવી તેમનું સન્માન કર્યું હતું નવનિયુક્ત પ્રમુખની ઉપસ્થિતિમાં યુવાન કાર્યકર જીગરભાઈ ત્રિવેદી ના પ્રયત્નોને કારણે આદિજાતિ ના૩૦ થી વધુ યુવાનોએ ભાજપમાં જોડાયા હતા અને પ્રમુખ દ્વારા તેમને ખેસ પહેરાવી તેમને આવકાર્યા હતા.તથા પૂર્વ જિલ્લા મંત્રી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના ધનજીભાઈ નિનામા, પૂર્વ પ્રમુખ અરવલ્લી સાબરકાંઠા જિલ્લાના પ્રાથમિક શિક્ષક સંઘના અને સિલાસનના ભગવાનદાસ પટેલ તથા નિવૃત્ત અધિકારી એચ આર મેણાત પણ ભાજપમાં જોડાયા હતા.અને ખેસ ધારણ કર્યો હતો.

# ડાંગ હવે ગ્રીન ટીના કારણે બન્યું વધુ આત્મનિર્ભર



કમલમ દૈનિક, ડાંગ,

આદિવાસી જિલ્લા તરીકેની ઓળખ ધરાવતા ડાંગને હવે નવી ઓળખ મળી છે. આમ તો અહી આદિવાસી પ્રજા પશુપાલન સાથે ખેતી કરી ગુજરાન ચલાવે છે. પરંતુ ઘર કામની સાથે મહિલાઓ રોજગાર મેળવી આત્મનિર્ભર બની છે. ત્યારે આ મહિલાઓ કેવી રીતે આત્મનિર્ભર બની તેના માટે જોઈએ અમારો વિશેષ અહેવાલ.

કુદરતી સૌદર્ય અને હરિયાળીના કારણે જાણીતુ ડાંગ હવે ગ્રીન ટીના કારણે વધારે ખ્યાતનામ થવા જઈ રહ્યુ છે. કેમ કે, ડાંગના બરડાપાણી ગામમાં મહિલાઓ ડાંગી ગ્રીન ટી બનાવી રહી છે. આટલું જ નહી મહિલાઓ ગ્રીન ટીનું વાવેતર કરે છે. અને તેને પેકિંગ કરી વેચે પણ છે. ગામની મહિલાઓ લીલી ચાની ખેતી કરી તેને સુકવે છે અને બાદમાં તેને રાજ્યના અલગ-અલગ શહેરમાં મોકલે છે.

ગ્રીન ટીના વેચાણથી જે નફો થાય તેને સરખા ભાગે વેચી પણ લેવામાં આવે છે. ગ્રીન-ટીનો વ્યવસાય શરૂ કરવા આઠથી નવ મહિના જેટલો સમય લાગે છે. બાદમાં ગ્રીન ટી બનાવવાનું કામ શરૂ કરવામાં આવે છે. ગામની મહિલાઓ જૂથ બનાવી રોજગારી મેળવે છે. ત્યારે આદિવાસી પંથકની મહિલા આત્મનિર્ભર બની સમાજ માટે શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂ પાડી રહી છે.

# રિલાયન્સ ઇન્ડસ્ટ્રી બ્રેકથ્રુ એનર્જી વેન્ચ્યુર્સમાં ૩૭૧ કરોડનું રોકાણ કરશે

Reliance Industries Limited

કમલમ દૈનિક, મુંબઈ,

દેશની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રી લિમિટેડ બ્રેકથ્રુ એનર્જી વેન્ચુર્સમાં ૫ કરોડ એટલે કે આશરે ૩૭૧ કરોડ રૂપિયા રોકાણ કરશે, આ ગ્રુપની અનુયાયીમાં ફાઉન્ડર બિલ ગેટ્સ કરી રહ્યા છે. રિલાયન્સે ગુરૂવારે એક નિવેદનમાં આ જાણકારી આપી છે. શુક્રવારે શરૂઆતી કારોબારમાં રિલાયન્સના શેર આશરે એક ટકાની વધારા સાથે ૨ હજાર રૂપિયાના ભાવ પર હતા.

રિલાયન્સે એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં કહ્યું હતું કે તે ૫ કરોડ ડોલરનું યોગદાન આપી રહી છે જો વિચારાધીન ફંડનું ૫.૭૫ ટકા છે. તે રોકાણના આગામી ૮-૧૦ વર્ષમાં હપ્તામાં કરવામાં આવશે. બીઈવીનો હેતુ ઉર્જા અને કૃષિની ક્રાંતિકારી તકનીકોમાં રોકાણ કરી જળવાયુ સંકટનું સમાધાન શોધવાનું છે. કંપની ક્લીન એનર્જી સોલ્યુશનમાં ઈનોવેશનને સપોર્ટ કરવા માટે રોકાણકારોથી એકઠી કરવામાં પૂંજી રોકાણ કરશે.

રિલાયન્સે કહ્યું કે આ પ્રયત્નોનાં પરિણામો ભારત માટે ખૂબ મહત્વનું રહેશે અને આને આખી માનવતાને ફાયદો થવાની અપેક્ષા છે. ઉપરાંત, તે રોકાણકારોને સારા વળતર આપશે. કંપનીનું કહેવું છે કે આ વ્યવહારને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા મંજૂરી મળવાની બાકી છે. આ રોકાણ સંબંધિત પાર્ટી વ્યવહારો દ્વારા આવરી લેવામાં આવતું નથી અને આરઆઈએલની કોઈ પ્રમોટર અથવા પ્રમોટર જૂથ અથવા જૂથ કંપનીઓને તેમાં કોઈ રસ નથી.

ગુરૂવારે શેર બજારમાં સતત આઠ દિવસની તેજી પર બ્રેક લાગી ગઈ હતી.બીએસઈના ૩૦ શેર વાળા સંવેદી સુચકાંક કારોબાર દરમયાન એકે ૪૬૬.૧૨ અંક પડી ગયું હતું. જો કે બાદમાં તેને વાપસી કરી અને અંતે ૨૩૬.૪૮ અંક એટલે કે ૦.૫૪ ટકા નીચે ગગડીને ૪૩૩૫૭.૧૯ના આંક પર બંધ થયો. એનએસઈ નિફ્ટી પણ આ જ પ્રકારે ૫૮.૩૫ અંક એટલે તે ૦.૪૬ ટકાના ઘટાડા સાથે ૧૨૬૯૦.૮૦ના આંક પર બંધ થયું હતું.




કમલમ દૈનિક,

નવનિયુક્ત બનાસકાંઠા જીલ્લા ભાજપ પ્રમુખ શ્રી આદરણીય ગુમાનસિંહ જી ચૌહાણ સાહેબ નો ભવ્ય સન્માન કાર્યક્રમ ધારાસભ્ય શ્રી શશીકાંતભાઈ પંડ્યા જી ના અમરનાથ કોમ્પલેક્ષ ડીસા ખાતે યોજાયો આ પ્રસંગે હિન્દુ રહ્દય સમ્રાટ ધારાસભ્ય શ્રી શશીકાંતભાઈ પંડ્યા સાહેબ તથા ડીસા નગરપાલિકા પ્રમુખ શ્રી સહિત મોટી સંખ્યામાં વિ-વિધ સમાજ ના આગેવાનો, કાર્યકરો ,તા.પં ના સદસ્યો અને કોર્પોરેટરો ઉપસ્થિત રહી સાલ સાફો ને હાર પહેરાવી ઉમળકાભેર સ્વાગત સન્માન કરી અભિનંદન પાઠવ્યા


# અરવલ્લી જિલ્લામાં ધનતેરસ ની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી




કમલમ દૈનિક, અરવલ્લી

સમગ્ર ભારત વર્ષમાં ધનતેરસ પર્વનું વિશેષ મહત્વ રહેલું છે,આ દિવસે ધંધા રોજગાર કે પરિવાર માં ધનની પૂજા કરવામાં આવેછે પરંતુ,કહેવાય છે કે ખરેખર દીકરી લક્ષ્મી નો અવતાર છે અને આજે એ સમાજ માં અને પિતા ની યાદમાં હંમેશા યાદ બની રહે છે ત્યારે વાત કરવામાં આવે તો ધનતેરસ ના દિવસે લોકો ધન ની પૂજા કરતા હોય છે પરંતુ અહીં એક પિતાએ પોતેજ પોતાની દીકરીને લક્ષમી માની દીકરી ની પૂજા કરી હતી વાત કરવામાં આવેતો મેઘરજ તાલુકાના રેલ્લાવાડા જીતપુર ગામે પિતાએ પોતાની દીકરી ને લક્ષ્મી માની કંકુ તિલક કરી દીકરી ના પગ ચરણામૃત થી ધોઈને દીકરીની પૂજા કરી હતી ત્યાર બાદ દીકરી ની આરતી ઉતારી હતી આમ એક પિતા તરીકે ધનતેરસ ના દિવસે દીકરીને લક્ષ્મી ગણી પૂજા કરી સમાજને એક આગવું ઉદાહરણ પૂરું પાડ્યું હતું

# દાહોદ જિલ્લા સેવા સદનથી કોલેજ સુધીના રાતના અંધેરા ઉલેચાયા





## કલેક્ટરશ્રી વિજય ખરાડીની સૂચના બાદ માત્ર એક જ સપ્તાહમાં ૧.૬ કિ. મિ. લાંબી સ્ટ્રીટ લાઇન નખાઇ

કમલમ દૈનિક,

દાહોદ જિલ્લા સેવા સદન અને જિલ્લા પંચાયત પરિસરમાં ફરજ બજાવતા અનેક કર્મચારીઓને પડતી મુશ્કેલીનો અંત આવ્યો છે. આ દીપાવલી પર્વના સપરમા દિવસોમાં જ જિલ્લા સેવા સદનથી દાહોદ નગરમાં કોલેજ સુધી સ્ટ્રીલ લાઈટ નાખવામાં આવતા રાત્રીના સમયે અંજવાળા પથરાયા છે. જિલ્લા સેવા સદનથી દાહોદ નગર સુધી સ્ટ્રીટ લાઈટ ન હોવાના કારણે કર્મચારીઓને ઓફિસ બાદ ઘરે પહોંચવામાં તકલીફ પડતી હતી. આ ઉપરાંત, સરકારી કામે જિલ્લા સેવા સદન કે જિલ્લા પંચાયત ખાતે આવનારા અરજદારોને માટે પણ મુશ્કેલીનો અનુભવ થતો હતો.

આ બાબતને ધ્યાને રાખીને કલેક્ટરશ્રી વિજય ખરાડીએ અંધેરા ઉલેચવા માટે જિલ્લા આયોજન કચેરી અને વીજ કંપનીને સૂચના આપી હતી. કલેક્ટરશ્રીએ આ માટે એક ટીમ બનાવી હતી. જેમાં જિલ્લા આયોજન અધિકારી શ્રી કિરણ ગેલાત, એમજીવીસીએલના તત્કાલીન કાર્યપાલક ઈજનેરશ્રી સંજય વર્મા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નયના પાટડિયા અને દાહોદ નગરપાલિકાના મુખ્ય અધિકારીનો તેમાં સમાવેશ થતો હતો. આ ટીમે નાણાંકીય જોગવાઈ, સ્ટ્રીટ લાઈન નંખાયા બાદ તેની સારસંભાળની વ્યવસ્થા સહિતની બાબતોમાં પડતી વહીવટી મુશ્કેલીઓ દૂર કરતા સ્ટ્રીટ લાઈટ નાખવા આડેના અંતરાયો દૂર થયા હતા. હવે, સ્ટ્રીટ લાઈટ શરૂ થઈ જતાં જિલ્લા સેવા સદનથી છેક કોલેજ સુધી અંજવાળા પથરાઈ ગયા છે.

પ્રકાશના પર્વમાં આ એક સુંદર કામગીરી થઈ છે. તેની ટેકનિકલ વિગતો જોઈએ તો જિલ્લા સેવા સદન અને કોર્ટ પરિસરની બહાર બે હાઈમાસ્ટ ટાવર નાખવામાં આવ્યા છે. આ ઉપરાંત રોડની બન્ને બાજુએ ૧૫૫ જેટલા એલઈડી બલ્બ નાખવામાં આવ્યા છે. આ એલઈડી બલ્બ ૫૪ વોટ્સના છે. કોલેજથી સેવા સદન સુધી બન્ને બાજુએ ૧.૬-૧.૬ કિલોમિટર લાંબી લાઈન નાખવામાં આવી છે.

જેમાં એરિયલ બંચ કેબલ નાખવામાં આવ્યો છે. આ માટે જિલ્લા આયોજન કચેરી અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રૂ. આઠેક લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. વિશેષ બાબત તો એ છે કે માત્ર એક જ અઠવાડિયાની અંદર જ આ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. કલેકટરશ્રીએ આ કામગીરી બદલ સંબંધિતોને બિરદાવ્યા હતા.




# અરવલ્લી મોડાસામાં બૌદ્ધ ઉપાસકો દ્વારા ધમ્મ ગોષ્ટી કાર્યક્રમ નું ખૂબ સુંદર આયોજન

કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી મોડાસામાં બૌદ્ધ ઉપાસકો દ્વારા ધમ્મ ગોષ્ટી કાર્યક્રમ નું ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું જેમાં બૌદ્ધ ધમ્મ અંગે સુંદર વિચારો નું આદાન પ્રદાન કરવામાં આવ્યું. અને દેવની મોરી બૌદ્ધ વિહાર ના વિકાસ અને બૌદ્ધ ધમ્મ ના પ્રચાર અને પ્રસાર માટે સૌ કટિબદ્ધ બને તે માટે સંકલ્પ કરવામાં આવ્યો. કાર્યક્રમની સફળ બનાવવા તમામ સમાજના ધર્મના માણસો ઉપસ્થિત રહીને માનવ કલ્યાણ ,માનવ વિકાસને મજબૂત બનાવવા, લાગણી સભર બનાવવા, મદદરૂપ બનવા સમાનતા, માનવતા, નો સંદેશ પૂરો પાડી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028